# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઉપસ્થિતીમાં ગાંધીનગરમાં સામાજીક સમરસતા મહોત્સવ યોજાયો

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, નીતિ-નિર્માણમાં મહિલાઓની સક્રિય ભાગીદારીથી વિકસિત ભારતની યાત્રા મજબૂત બનશે.

3) પશ્ચિમ બંગાળની બે તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે બે હજાર 926 ઉમેદવારો મેદાનમાં.

4) સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ઈરાનના રાજદૂત, અમીર સઈદ ઈરાવાનીએ ઈરાની બંદરો પર અમેરિકન નૌકાદળની નાકાબંધી બદલ અમેરિકાની ટીકા કરી.

5) બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતી નિમિતે આજે દેશ તેમને શ્રદ્ધાંજલિ અર્પી રહ્યો છે.

6) IPL ક્રિકેટમાં, આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે.

............ (સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PRESIDENT GANDHINGAR

ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગાંધીનગરમાં લોકભવન ખાતે સામાજીક સમરસતા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યાં હતા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં યોજાયેલા મહોત્સવમાં રાષ્ટ્રપતિએ સંબોધન કર્યું હતું.

સામાજીક સમરસતા સંમેલનના કાર્યક્રમમાં હાજરી આપ્યાં બાદ ગાંધીનગર નજીક લવાડ ખાતે તેઓ રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના પાંચમા પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓને પદવી એનાયત કરશે.

# REV PM-WOMEN RESERVATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે નીતિ-નિર્માણ અને નિર્ણય લેવામાં મહિલાઓની સક્રિય ભાગીદારી 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને મજબૂત બનાવશે. ભારતની મહિલાઓને લખેલા પત્રમાં, શ્રી મોદીએ જણાવ્યું કે નારી શક્તિ વંદન કાયદા સંબંધિત મહત્વપૂર્ણ બંધારણીય સુધારાની ચર્ચા અને તે પસાર કરવા માટે સંસદ 16 મી એપ્રિલે ફરી શરૂ થશે. તેમણે દેશભરની મહિલાઓને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાની આ અનોખી તક મળવાનો આનંદ હોવાનું જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે જો 2029ની લોકસભા ચૂંટણીઓ અને વિવિધ વિધાનસભા ચૂંટણીઓ મહિલાઓ માટે સંપૂર્ણ રીતે નિશ્ચિત કરવામાં આવે, તો દેશની લોકશાહી વધુ મજબૂત અને ગતિશીલ બનશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે અસંખ્ય સ્વ-સહાય જૂથો અને લખપતિ દીદીઓ પાયાના સ્તરે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરીને અન્ય મહિલાઓને સશક્ત બનાવી રહયા છે.

# PM's MERA BOOTH SABSE MAJBOOT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળના ભાજપ બૂથ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ કરશે. નમો એપ દ્વારા આજે સાંજે 4 વાગ્યાથી "મેરા બૂથ સબસે મજબૂત" હેઠળ તેઓ બૂથ કાર્યકર્તાઓ સાથે વાતચિત કરશે.

# WB - CANDIDATES

પશ્ચિમ બંગાળની બે તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે બે હજાર 926 ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણીનો પ્રથમ તબક્કો 23 એપ્રિલે અને બીજો તબક્કો 29 એપ્રિલે યોજાશે. પ્રથમ તબક્કામાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ કુલ ઉમેદવારોની સંખ્યા એક હજાર 478 છે અને બીજા તબક્કા માટે એક હજાર 448 ઉમેદવારો છે.

# ED- INDIAN PAC CONSULTING

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ મની લોન્ડરિંગ કેસમાં ઈન્ડિયન પીએસી કન્સલ્ટિંગ પ્રાઇવેટ લિમિટેડ I-PAC ના ડિરેક્ટર વિનેશ ચંદેલની ધરપકડકરીછે.

ED એ જણાવ્યું કે દિલ્હી પોલીસની FIR ના આધારે શરૂ કરાયેલી તપાસમાં I-PAC સામે અનેક નાણાકીય અનિયમિતતાઓ અને મની લોન્ડરિંગના આરોપો બહાર આવ્યા છે અને તપાસ ચાલી રહી છે.

# AUSTRIA CHANCELLOR - INDIA

ઑસ્ટ્રિયાના ફેડરલ ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર આજથી ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આવશે. તેમની સાથે અર્થતંત્ર, ઊર્જા અને પર્યટન મંત્રી, વરિષ્ઠ અધિકારીઓ અને વ્યાપારી નેતાઓનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવશે. ચાન્સેલર સ્ટોકરની આ ભારતની પહેલી મુલાકાત છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચાન્સેલર સ્ટોકર વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા કરશે. તેઓ બહુપક્ષીય મંચોમાં સહયોગ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા વિચારણા કરશે. ડૉ. સ્ટોકર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ને પણ મળશે.

# STARTUP INDIA- FUND

સરકારે દેશના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં મૂડી પ્રવાહને વેગ આપવા માટે દશ હજાર કરોડના ભંડોળ સાથે સ્ટાર્ટઅપ ઇન્ડિયા ફંડ ઓફ ફંડ્સના બીજા તબક્કાને સૂચિત કર્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ રોકાણ વૈકલ્પિક રોકાણ ભંડોળ પર ધ્યાન કેન્દ્રિત કરશે જે પ્રાથમિકતા ક્ષેત્રોને ટેકો આપશે, જેમાં ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ અને પ્રારંભિક તબક્કાના સાહસોનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઓપરેશનલ માર્ગદર્શિકા અને વેન્ચર કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ કમિટીની રચના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય નાના ઉદ્યોગ વિકાસ બેંક **(SIDBI)** સૂચનાની તારીખથી અમલીકરણ એજન્સી તરીકે યોજનાનું સંચાલન શરૂ કરશે. આ યોજના દેશના નવીનતા-આધારિત વૃદ્ધિ એજન્ડાને આગળ વધારવામાં, આર્થિક સ્થિતિસ્થાપકતા વધારવામાં, ઉત્પાદન ક્ષમતાઓને વેગ આપવા, નોકરીઓનું સર્જન કરવા અને ભારતને વૈશ્વિક નવીનતા હબ તરીકે સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# IRAN CONDEMNS US

સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ઈરાનના રાજદૂત, અમીર સઈદ ઈરાવાનીએ ઈરાની બંદરો પર અમેરિકન નૌકાદળની નાકાબંધી બદલ અમેરિકાની ટીકા કરી છે. તેમણે અમેરિકાના આ પગલાંને ઈરાનના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના સચિવ એન્ટોનિયો ગુટેરેસ અને સંયુક્ત રાષ્ટ્રના સુરક્ષા પરિષદના પ્રમુખને લખેલા ઔપચારિક પત્રમાં ઈરાવાનીએ આ પગલાને ગેરકાયદેસર આક્રમક કૃત્ય ગણાવ્યું છે જે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ બંને માટે જોખમી છે.

શ્રી ઈરાવાનીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને આ અંગે તાત્કાલિક પગલાં લેવા હાકલ કરી છે.

# AMBEDKAR JAYANTI-TRIBUTES

બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતી નિમિતે આજે દેશ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતના ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, અન્ય કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોએ પણ સંસદ સંકુલમાં પ્રેરણા સ્થળ ખાતે શ્રી આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

# PREZ VP-WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે બૈસાખી, વિશુ, બીહાગ બિહુ, પોઈલા વૈશાખ, મેશાદી, અને પુથાંડુના અવસરની દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ જણાવ્યું કે પાકની લણણીની મોસમને દેશભરમાં વિવિધ તહેવાર સ્વરૂપે ઉજવવામાં આવે છે. આ તહેવારો દ્વારા નાગરિકો ધરતી માતા અને ખેડૂતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવારો એક ભારત, મહાન ભારતની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી કરે છે.

શ્રી મોદીએ કહ્યું કે વૈશાખીનું ઊંડું આધ્યાત્મિક મહત્વ છે, જે શ્રી ગુરુ ગોવિંદ સિંહજી દ્વારા ખાલસા પંથની સ્થાપનાને દર્શાવે છે. પ્રધાનમંત્રીએ તમિલ નવા વર્ષ પુથંડુ નિમિત્તે તમિલ સંસ્કૃતિની મહાનતા, સાહિત્ય, સંગીત, કલા, ફિલસૂફી અને ભક્તિના સમૃદ્ધ વારસાનું સન્માન કરવાનો પ્રસંગ હોવાનું જણાવ્યું. ઓડિયા નવા વર્ષ મહા બિશુબા પના સંક્રાંતિની શુભેચ્છાઓ આપતા તેમણે કહ્યું કે આ પ્રસંગ ઓડિશાની સમૃદ્ધ પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

શ્રી શાહે વૈશાખીના તહેવારની દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, આ તહેવાર દેશના ખેડૂતો માટે સમૃદ્ધિનું પ્રતીક છે. તેમણે ખાલસા પંથને આજે તેના સ્થાપના દિવસ પર અભિનંદન પણ આપ્યા.

# SC-MSP

સર્વોચ્ચ અદાલતે કૃષિ પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) નક્કી કરવા સંબંધિત અરજી પર કેન્દ્ર સરકાર અને અન્ય અધિકારીઓ પાસેથી જવાબ માંગ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે કેન્દ્ર સરકાર, વિદેશ વેપાર મહાનિર્દેશાલય અને કૃષિ ખર્ચ અને કિંમતો આયોગને નોટિસ જારી કરી હતી. અરજીમાં MSP નક્કી કરતી વખતે રાજ્ય-વિશિષ્ટ ખેતી ખર્ચને વધુ ધ્યાનમાં લેવા વિનંતી કરવામાં આવી હતી.

અદાલતે નોંધ્યું હતું કે MSP નક્કી કરવામાં અનેક જટિલ આર્થિક પાસાઓનો સમાવેશ થાય છે, જેમાં રાજ્યોમાં જમીન અને મૂડી ખર્ચમાં ભિન્નતાનો સમાવેશ થાય છે. અદાલતે જણાવ્યું હતું કે એક સમાન નીતિ શક્ય ન પણ હોય અને અરજીમાં આર્થિક નીતિમાં સુધારાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં MS સ્વામીનાથન કમિશનના અહેવાલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં ખર્ચ અને 50 ટકા નફાના આધારે MSPની ભલામણ કરવામાં આવી હતી.

# IPL

IPL ક્રિકેટમાં, આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. આ મેચ એમ એ ચિદમ્બરમ સ્ટેડિયમ, ચેન્નાઈ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 57 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, સનરાઇઝર્સ હૈદરાબાદે કેપ્ટન ઇશાન કિશનના 91 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 216 રન બનાવ્યા. જવાબમાં 217 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સ 19 ઓવરમાં 159 રનમાં ઓલઆઉટ થઈ હતી.

સનરાઇઝર્સ હૈદરાબાદમાં ડેબ્યુ કરનાર પ્રફુલ હિંગેએ ચાર વિકેટ ઝડપી અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.